જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૦૨-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

પીએસએલવી દ્વારા એમીસેટનું સફળ પ્રક્ષેપણ,પાક-ત્રાસવાદીઓ ઉપર હવે આસમાનથી નજર

ઈસરોએ રચ્યો ઈતિહાસ: EMISATની સાથે ૨૮ સેટેલાઈટ લોન્ચ કર્યા

એમીસેટ સહિત અમેરિકાના ૨૪,લિથુઆનિયાના બે,સ્પેન-સ્વિટ્ઝર્લેન્ડનો એક-એક સેટેલાઈટ સફળતાપૂર્વક લોન્ચ,પ્રથમવાર ઈસરોનું મિશન એક સાથે ત્રણ અલગ કક્ષામાં સેટેલાઈન્ટ લોન્ચ કરવામાં સફળ

શ્રીહરિકોટા

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)એ એક વધુ ઐતિહાસિક સફળતા પ્રાપ્ત કરીને શ્રીહરિકોટાના સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્ર પરથી પીએસએલવી સી-૪૫ દ્વારા આજે સવારે ૯-૨૭ કલાકે દુશ્મન દેશો પર નજર રાખવા માટે EMISAT સેટેલાઈટ સહિત ૨૯ વિદેશી સેટેલાઈટને સફળતાપૂર્વક લોન્ચ કર્યા છે.

ભારતના સેટેલાઈટ EMISAT સહિત અમેરિકાના ૨૪, લિથુઆનિયાના બે અને સ્પેન અને સ્વિટ્ઝર્લેન્ડનો એક એક સેટેલાઈટ આજે સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો. પ્રથમવાર ઈસરોનું મિશન એક સાથે ત્રણ અલગ કક્ષામાં સેટેલાઈટ લોન્ચ કરવાનું હતું જેમાં સફળતા મળી છે.

લોન્ચ કરવામાં આવેલ ૪૩૬ કિલોગ્રામનો ભારતીય સેટેલાઈટ EMISAT નો ઉપયોગ ઈલેકટ્રોમેગ્નેટિક સ્પેકટ્રમને માપવા માટે કરવામાં આવશે. તેના દ્વારા દુશ્મન રાષ્ટ્રોની રડાર સિસ્ટમ પર નજર રાખવાની સાથે જ તેનું લોકેશન પણ જાણી શકાશે.

ડિફેન્સ રિસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) દ્વારા આ સેટેલાઈટ તૈયાર કરવામાં આવ્યો છે. તેને ૭૪૯ કિલોમીટર દૂર આવેલ ભ્રમણ કક્ષામાં સ્થાપિત કરવામાં આવ્યો છે. અન્ય ૨૮ સેટેલાઈટનું કુલ વજન ૨૨૦



કિલોગ્રામ છે. EMISAT ની સાથે ૨૮ વિદેશી સેટેલાઈટને ૫૦૪ કિલોમીટરની ઊંચાઈએ પીએસએલવી સી-૪૫ની મદદથી સફળતાપૂર્વક પ્રક્ષેપિત કરવામાં આવ્યા છે. ચોથા તબક્કામાં જ રોકેટને ૪૮૫ કિ.મી. ઊંચાઈ પર લાવીને ત્રણ પ્રાયોગિક પેલોડની મદદથી ચંદ્રયાન-૨ અભિયાન સાથે સંકળાયેલા કેટલાક ખાસ પ્રયોગો કરવામાં આવશે.

આમ EMISAT દુશ્મન રાષ્ટ્રો પર નજર રાખવા માટે ઘણો મહત્ત્વપૂર્ણ સેટેલાઈટ છે. EMISAT ની સાથે પીએસએલવી રોકેટ અન્ય ૨૮ સેટેલાઈટ લઈ ગયેલ છે જેને ત્રણ અલગ અલગ કક્ષામાં પ્રસ્થાપિત કરીને નવી ટેકનોલોજીનો પરિચય કરાવ્યો છે.

આ સેટેલાઈટના ફીચર્સની સમજ આપવા માટે મોટા સ્ક્રીન્સ પણ લગાવવામાં આવ્યા હતા. પ્રથમ વાર એવું થયું છે જ્યારે ઈસરોએ સામાન્ય લોકો માટે આ લોન્ચિંગ ખુલ્લું મૂકયું છે. આજે ૧,૦૦૦ જેટલા લોકોએ આ દશ્યને લાઈવ નિહાળ્યું હતું.

૧૫ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ ઈસરોએ એ સૌથી વધારે સેટેલાઈટ લોન્ચ કરીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. ૩૦મિનિટમાં એક રોકેટ દ્વારા ૭ દેશોના ૧૦૪ સેટેલાઈટ લોન્ચ કર્યા હતા. આ પહેલાં આ રેકોર્ડ રશિયાના નામે હતો. તેણે ૨૦૧૪માં એકવારમાં ૩૭ સેટેલાઈટ લોન્ચ કર્યા હતા.

નેપાળમાં વરસાદ અને તોફાનનો કહેર: ૨૭નાં મોત, ૬૦૦થી વધુ ઘાયલ

કાઠમાંડૂ

નેપાળમાં રવિવારથી શરૂ થયેલા વરસાદ અને ભયંકર તોફાનના કારણે ભારે તબાહી થઈ છે. તોફાનની ઝપટમાં આવવાથી અત્યાર સુધી ૩૫ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે ૬૦૦થી વધુ ઘાયલ થયા છે. એવું જણાવવામાં આવી રહ્યું છે કે હોસ્પિટલમાં બેડ અને બ્લડની કમી જોવા મળી છે. રાહત અને બચાવકાર્ય માટે સશસ્ત્ર પોલીસદળ અને નેપાળ સેનાની ટીમને પૂર પ્રભાવિત વિસ્તારમાં તહેનાત કરી દેવાયાં છે.

પ્રશાસન મદદના કામમાં વ્યસ્ત બન્યું છે. તંબૂ અને તાડપત્રી લઈને રાહત બચાવદળ વિવિધ સ્થાન પર પહોંચી ગયાં છે. નેપાળ સેનાના પ્રવક્તા યમપ્રસાદ ધકાલે જણાવ્યું હતું કે આપાત સ્થિતિ સામે લડવા માટે બે હેલિકોપ્ટર તહેનાત કરાયાં છે. આ ઉપરાંત એક સ્કાય ટ્રક પણ તૈયાર કરાઈ છે. સેના પરિસ્થિતિ સામે લડવા તૈયાર છે. વરસાદ અને તોફાનથી પ્રભાવિત વિસ્તારમાં ૧૦૦થી વધુ પોલીસકર્મીઓને તહેનાત કરાયા છે. બચાવ અને રાહતકાર્ય જારી છે.

જિલ્લા પોલીસ કાર્યાલયના જણાવ્યા મુજબ ૩૧ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે ૬૦૦ ઘાયલ થયા છે. નેશનલ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટરે જણાવ્યું કે ઘાયલોનો ઉપચાર ઘણી હોસ્પિટલમાં ચાલી રહ્યો છે. વડા પ્રધાન કે.પી. શર્માઓલીએ લોકોના મૃત્યુની ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યું છે અને મૃતકોનાં પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૨માં નેપાળમાં આવેલા ભારે વરસાદથી પૂર આવ્યું હતું,

હિન્દુ આતંકવાદ કહેનારા હવે મેદાન છોડી ભાગી રહ્યા છે

હું શૌચાલય જ નહીં,કરોડો માતાઓ-બહેનોનો પણ ચોકીદાર છું: મોદી

કોંગ્રેસ એનસીપીનું ગઠબંધન કુંભકર્ણ જેવું છે,શરદ પવાર પણ જાણે છે કે ચૂંટણી હવાનું વલણ કઈ બાજુ છે

વર્ધા

લોકસભા ચૂંટણીઓમાં ભાજપની જીત સુનિશ્ચિત કરવા માટે પીએમ નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના વર્ધામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે કોંગ્રેસની સાથે સાથે શરદ પવારની પાર્ટી એનસીપી પર પણ પ્રહારો કર્યા અને બંને પાર્ટીને કુંભકર્ણ તરીકે જણાવી હતી. મોદીએ કહ્યું કે આ બન્ને પક્ષો જ્યારે સત્તામાં હોય છે ત્યારે તો તેઓ માત્ર કૌભાંડો કરે છે. આ બંને પાર્ટી સત્તામાં ૬-૬ મહિના સુધી સૂતી રહેતી છે. મોદીએ આ દરમિયાન એક વખત ફરીથી પાકિસ્તાનનો ઉલ્લેખ કર્યો અને રેલીમાં હાજર લોકોને પૂછયુ કે તમને



પાકિસ્તાનમાં બનનાર હિરો જોઈએ છે અથવા હિન્દુસ્તાન વાળા. તમને પુરાવા જોઈએ કે પછી સપુતો પર ગર્વ જોઈએ છે.

પીએમ મોદીએ વર્ધામાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું કે ૨ દિવસ પહેલા કોંગ્રેસના એક મોટા નેતાએ કહ્યું કે મોદીએ માત્ર શૌચાલયની ચોકીદારી કરી છે. હવે તમે જણાવો કે વર્ષોથી જે લોકો સ્વચ્છતાના કામમાં જોડાયેલા છે તે સ્વચ્છતાના ચોકીદાર છે. આ ભાષા તેમનું અપમાન છે કે નહીં. મને શૌચાલયનો ચોકીદાર કહેવામાં આવ્યો. તો હું તેમને કહેવા માંગુ છું કે હા હું શૌચાલયનો ચોકીદાર છું અને શૌચાલયના ચોકીદાર હોવું ગર્વની વાત છે. એક સમય હતો જ્યારે શરદ પવાર ઈચ્છતા હતા કે તેઓ પણ વડાપ્રધાન બની શકે છે. તેમણે એલાન પણ કર્યું હતું કે તેઓ આ ચૂંટણી લડશે.

સત્તા પર આવતાની સાથે જ ૨૨ લાખ સરકારી નોકરીઓ ભરી દઈશું: રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ એક મોટું ચૂંટણી વચન આપતાં જણાવ્યું છે કે સરકારી વિભાગોમાં હાલ ૨૨ લાખ જેટલી નોકરીઓ ખાલી પડી છે અને જો અમારી પાર્ટી સત્તા પર આવશે તો એક જ વર્ષમાં આ તમામ નોકરીઓ ભરી દેશે. રાહુલે એક ટ્વીટમાં આમ કહ્યું છે. એમણે વધુમાં કહ્યું છે કે આરોગ્ય, શિક્ષણ ક્ષેત્રો તથા અન્ય યોજનાઓના અમલીકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારોને જે ભંડોળ સુપરત કરવામાં આવશે એને ખાલી પડેલી આ નોકરીઓ સાથે લિંક કરવામાં આવશે. આજે દેશમાં ૨૨ લાખ સરકારી નોકરીઓ ખાલી પડેલી છે. અમે ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધીમાં આ પદો પર નિમણૂક કરીશું. નવી સરકાર લોકસભાની ચૂંટણી પૂરી થયા બાદ – મે મહિનામાં સત્તા પર આવશે. નરેન્દ્ર મોદી સરકાર અને ભાજપને હરાવવા માટે રાહુલ ગાંધી એમની પાર્ટીનું ચૂંટણી ઘોષણાપત્ર રિલીઝ કરવા પૂર્વે શ્રેણીબદ્ધ ચૂંટણી વચનો આપી રહ્યા છે. ગયા શનિવારે એમણે એમ કહ્યું હતું કે ભારતમાં જળસ્ત્રોતો અને વનીકરણ વ્યવસ્થાને પુન:સ્થાપિત કરવાની જરૂર છે. એ માટે એમની પાર્ટી જો સત્તા પર આવશે તો લાખો ગ્રામિણ યુવાઓને રોજગાર આપશે.







વિજય રૂપાણી ઉપસ્થિતિમાં વિજય મુહૂર્તમાં વિનોદ ચાવડાએ ફોર્મ ભર્યું



મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ભાજપના પદાધિકારીઓએ વિનોદ ચાવડાને યશસ્વીભવની શુભેચ્છા પાઠવી

ભુજઃ આજરોજ ભુજ કલેકટર કચેરી ખાતે વિજય રૂપાણી ઉપસ્થિતિમાં વિનોદ ચાવડાએ વિજય મુહૂર્તમાં ફોર્મ ભર્યું. કચ્છ મોરબી લોકસભા બેઠકના વિનોદ ચાવડાએ પોતાના વિજય મુહૂર્તમાં આજે ઉમેદવારી પત્રક નોંધાવી. જિલ્લા ચૂંટણી અધિકારી રેમ્યા મોહન સમક્ષ અને મુખ્યમંત્રીની હાજરીમાં વિનોદ ચાવડાએ ઐતિહાસિક ઘડીમાં પોતાની ઉમેદવારી પત્રક નોંધાવી.આ પ્રસંગે રાજય મંત્રી વાસણભાઈ આહિર, કેશુભાઈ પટેલ, ધારાસભ્યો વિરેન્દ્રસિંહ જાડેજા,નીમાબેન આચાર્ય, માલતીબેન મહેશ્વરી,પૂર્વ મંત્રી તારાચંદભાઈ છેડા તથા માજી સાંસદ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.ઉમેદવારી ફોર્મ ભરતા પહેલા બેન્ડવાજાની સૂરાવલિએ નીકળેલ વિનોદ ચાવડાનો રોડ શો જિલ્લા કલેકટર કચેરી ખાતે પહોંચ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે પક્ષ દ્વારા કચ્છના વર્તમાન સાંસદ વિનોદ ચાવડા ને ફરી એક વખત ટિકિટ આપવામાં આવી છે,ખુદ મુખ્યમંત્રી તેમના ઉમેદવારીપત્રક નોંધાવતી વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

આમ, આજથી જ કચ્છ મોરબી બેઠક માટે ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાના ચૂંટણીજંગ વિધિવત શ્રી ગણેશ કરવામાં આવ્યા છે.ઉમેદવારી પત્રક નોંધાવ્યા બાદ વિનોદ ચાવડાને મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિતના ભાજપના પદાધિકારીઓએ શુભેચ્છા પાઠવી ફરી એક વખત કચ્છ મોરબી બેઠક જીતી લાવશે તેવી આશાવાદ વ્યક્ત કરવામાં આવી હતી.

આ સુવર્ણ તકે ભાજપના સમર્થકોમાં એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. વિનોદભાઈ તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ ના નારા સાથે સમર્થકો દ્વારા ગગનભેદી નારા પોકારવામાં આવ્યા હતા.

આજરોજ સભામાં વિજય રૂપાણીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે આજે કોંગ્રેસના નેતાઓ સેના દ્વારા આતંકવાદીઓ સામે કાર્યવાહી કરી છે તેના પુરાવા માંગી દેશની સેનાનું હળાહળ અપમાન કર્યું છે,આ બાબત ખૂબ જ અપમાનજનક ગણાવી હતી.

ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે બે આરોપી ઝડપાયા



મોરબી બી ડીવીઝન પોલીસે નાઈટ પેટ્રોલિંગમાં ત્રાજપર ચોકડી નજીકથી એક ઈસમને બાઈકમાં દારૂ લઇ જતા તેમજ અન્ય એક આરોપી સહીત બેને ઝડપી લઈને દારૂનો જથ્થો જપ્ત કરાયો છે

મોરબી જીલ્લા પોલીસવડા ડો. કરનરાજ વાઘેલાની સુચના અને ડીવાયએસપી બન્નો જોશીના માર્ગદર્શન હેઠળ બી ડીવીઝન પીઆઈ આઈ એમ કોઢિયાની ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન ત્રાજપર ચોકડી પાસેથી આરોપી વિનોદ મુલજી ગેડીયા (ઉ.વ.૩૫) રહે હાલ કુબેર ટોકીઝ પાછળ મોરબી-૨ વાળાને ઝડપી લઈને મોટરસાયકલ કીમત ૪૦,૦૦૦ અને ત્રણ દારૂની બોટલ કીમત ૯૦૦ સહિતનો મુદામાલ જપ્ત કર્યો છે જ્યારે અન્ય આરોપી હસમુખ ઉર્ફે મુનો નાનજી સારલા (ઉલ.વ.૩૭) રહે સિલ્વર પાર્ક સોસાયટી મોરબી-૨ વાળાના કબ્જામાંથી ઈંગ્લીશ દારૂ ૨૪ બોટલ કીમત રૂ ૭૨૦૦ નો મુદામાલ જપ્ત કરી આરોપી સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

મોરબીમા ખર્ચ ઓબ્ઝર્વરએ મોરબી મતદાર વિભાગની મુલાકાત લીધી



લોકસભાની સામાન્ય ચૂંટણી અન્વયે ૧-કચ્છ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ ૬૫-મોરબી વિધાનસભા મતદાર વિભાગ માટે ખર્ચના ઓબ્ઝર્વર બી. રમન્જાનેયુલુ (IRS-2007) ની ફાળવણી કરવામાં આવી છે. જેઓ ૬૫-મોરબી વિધાનસભા મતદાર વિભાગની મુલાકાતે આવ્યા હતા.

ખર્ચ ઓબ્ઝર્વર બી.રમન્જાનેયુલુ (IRS-2007) એ મોરબી સરકિટ હાઉસ ખાતે ઉપસ્થિત રહી જિલ્લા ચૂંટણી અધિકારી આર.જે. માકડીયા અને ખર્ચના નોડલ અધિકારી એસ. એમ. ખટાણા સાથે બેઠક યોજી હતી. તેમણે આ તકે લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને ૧-કચ્છ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ ૬૫-મોરબી વિધાનસભા મતદાર વિભાગની વિગતવાર ચર્ચા કરી જરૂરી માહિતી મેળવી હતી. બેઠક બાદ ઓબ્ઝર્વરએ મોરબી પ્રાંત કચેરીની પણ મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે પોલીસ વડા કરણરાજ વાઘેલા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એ ન.એ સ.ગઢવી, મદદનીશ ચૂંટણી ઓફીસર એસ. જે. ખાચર, મામલતદાર ડી. જે. જાડેજા, સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

પુલવામાના લસ્સીપોરામાં એન્કાઉન્ટરઃ લશ્કર-એ-તૈયબાના ચાર આતંકી ઠાર

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લાના લસ્સીપોરામાં સોમવારે સવારે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલા ગોળીબાર લશ્કર-એ-તૈયબાના ચાર આતંકવાદીઓને ઠાર કરાયા છે. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી બે એકે રાયફલ્સ, એક એસએલઆર અને એક પિસ્તલ જપ્ત કરાઇ છે. હાલમાં સુરક્ષા દળો દ્વારા આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરાયું છે. માનવામાં આવી રહ્યું છે કે હાલમાં આ વિસ્તારમાં બે થી ત્રણ આતંકવાદીઓ છૂપાયેલા હોઈ શકે છે.

સૂત્રોએ જણાવ્યું કે દક્ષિણ કાશ્મીરના પુલવામા જિલ્લાના લસ્સીપોરામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એક્કાઉન્ટર ચાલી રહ્યું છે. કેન્દ્રિય રિઝર્વ પોલીસ દળ (સીઆરપીએફ)ની ૪૪ આરઆર બટાલિયન, સેના અને એસઓજી દ્વારા આતંકવાદીઓ વિરુદ્ધ સંયુક્ત અભિયાન ચલાવવામાં આવ્યું છે. આ કાર્યવાહી હેઠળ વિસ્તારમાં નાકાબંધી કરાઇ છે અને શોધ ચાલી રહી છે.

પુલવામાના લસ્સીપોરામાં આતંકવાદીઓ છુપાયા હોવાની પુખ્ત માહિતી મળ્યા પછી સુરક્ષા દળોએ આ અભિયાન શરૂ કર્યું છે. સુરક્ષા દળોએ જ્યારે શંકાસ્પદોને બહાર નીકળવા માટે કહ્યું ત્યારે ત્યાં છૂપાયેલા આતંકીવાદીઓએ સુરક્ષા દળો પર ફાયરિંગ કરવાનું શરૂ કર્યું હતું. સૂત્રોનું કહેવું છે કે આ વિસ્તારમાં હજુ બે થી ત્રણ આતંકવાદી છૂપાયેલા હોવાની આશંકા છે.

હળવદના મિયાણીમા સદ્‌ભાવના પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો



મિયાણી ગામની પ્રા.શાળામાં આયોજિત રકતદાન કેમ્પમાં ૧૨૦થી વધુ રકતની બોટલ એકત્રિત કરાઈ

તાલુકાના મિયાણી ગામે બજરંગ યુવક મંડળ તથા અસારવા કેન્સર હોસ્પિટલ તેમજ સદ્‌ભાવના પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ આયોજિત રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦થી વધારે રકતની બોટલ એકત્ર કરવામાં આવી હતી.

તાલુકાના મિયાણી ગામે એકાદશીના દિવસે ઝાલાવાડ અખંડ રામધુનના આયોજનની સાથે સાથે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અસારવા કેન્સર હોસ્પિટલ તથા બજરંગ યુવક મંડળ તેમજ સદ્‌ભાવના પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ અમદાવાદના સહયોગથી રકતદાન યોજાયો હતો. આ રકતદાન કેમ્પમાં મિયાણી ગામ તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી લોકોએ રકતદાન કર્યું હતું. જેમાં ૧૨૦થી વધુ રકતની બોટલ એકત્રા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમસ્ત મિયાણીના ગ્રામજનોએ જહેમત ઉઠાવી હતી. ઉપરાંત સદ્‌ભાવના પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ અને સિવિલ હોસ્પિટલ અસારવા (અમદાવાદ)ના પ્રમુખ કાંતિભાઈ કાસુન્દ્રા, ઉપ પ્રમુખ જ્યોત્સનાબેન કૈલા, મંત્રી ભાવનાબેન કાસુન્દ્રા, રતનશીભાઈ ચાડમીયા ઉપસ્થિત રહ્યા હતા. તો સાથો સાથ ગામના યુવા મિત્રો વિકાસ કુરિયા, નરસંગભાઈ ડાંગર, વેલાજીભાઈ રંભાણી તથા બજરંગ મંડળના યુવાનો તેમજ ટીકર ગામના આગેવાન ગણેશભાઈ તથા મિયાણી પ્રાથમિક શાળાના સ્ટાફગણે આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

હળવદમાં રબારી સમાજની છાત્રાલયનો પ્રારંભ

રબારી સમાજને લાકડીયું મુકીને હવે કલમ પકડવાની જરૂર છે : દુધરેજ મહંત પૂ. કણીરામ બાપુ



રબારી સમાજના ૬૦થી વધુ છાત્રો સંકુલમાં રહી ઉજ્વળ ભવિષ્યનું કરશે ઘડતર : કાર્યક્રમમાં સમાજના આગેવાનો રહ્યા ઉપસ્થિત

હળવદ ખાતે નવનિર્માણ પામેલ રબારી સમાજની છાત્રાલયનું રવિવારે શુભારંભ કરવામાં આવ્યું હતું. જેમાં વડવાળા મંદિર દુધરેજના મહંત પૂ.કણીરામ બાપુ તથા વડવાળા મંદિર દુધઈના મહંત પુ.રામબાલક દાસ બાપુ સહિત સંતો - મહંતોએ આર્શિવચન પાઠવ્યા હતા. આ પ્રસંગે સમાજના આગેવાનો સહિત સમાજના યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઝાલાવડની શૈક્ષણિક નગરી હળવદમાં શિક્ષણનો વ્યાપ વધવા પામ્યો છે તેમજ હાલ હળવદ ઝાલાવાડમાં શિક્ષણનું હબ ગણાય છે ત્યારે હળવદ પરગણાના રબારી સમાજના યુવાનોની મહેનતથી છાત્રાલયનું સર્જન થવા પામ્યું છે. જેમાં રબારી સમાજના ૬૦થી છાત્રો પોતાનું ઉજ્વળ ભવિષ્ય માટે શ્રીમતી મણીબેન ઝાઝણભાઈ ધાંધર રબારી સમાજની છાત્રાલયના સંકુલમાં રહીને અભ્યાસ કરી શકે તેવા ઉમદા હેતુ સાથે રવિવારે છાત્રાલયના સંકુલનો પ્રારંભ કરાયું હતું. આ પ્રસંગે દુધરેજના મહંત પૂ.કણીરામ બાપુ અને પુ. રામબાલક દાસ બાપુ સહિત મંચસ્થોના હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. જેમાં પૂ.કણીરામ બાપુએ પ્રાસંગીક ઉદ્‌બોધન જણાવ્યું હતું કે, રબારી સમાજમાં દિકરીને પણ મહત્વ આપો અને સમાજની દિકરી ભણશે તો ત્રણ કુળને તારશે. રબારી પરગણા સમાજ માટે વડવાળા દેવના આર્શિવાદ સદાય રહેશે. ઉપરાંત અન્ય સમાજની દિકરી મુખ્યમંત્રી બની શકતી હોય તો રબારી સમાજની દિકરી કેમ નહી. વધુમાં પૂ.બાપુએ કહ્યું હતું કે, જયારે તમારા ઘેર કોઈપણ પ્રસંગનુ ટાણું હોય ત્યારે તીથીને સાચી રીતે ઉજવવા માટે રૂ.૫૦૦૧નું દાન શિક્ષણમાં કરશો ત્યારે રબારી સમાજમાં શિક્ષણ જ્યોત સાર્થક ગણાશે. આ વેળાએ વડવાળા મંદિર દુધરેજના કોઠારી મુકુંદદાસ બાપુ, બંશીરામ બાપુ તેમજ બાબુભાઈ દેસાઈ, ઘનશ્યામભાઈ સાવધરિયા, દેવેનભાઈ રબારી (યંગ ઈન્ડીયા ગ્રુપ), નાજાભાઈ રબારી, અરજણભાઈ રબારી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે વ્યક્તિત્વ વિકાસ માટે જાણીતા અને ખ્યાતનામ ગુજરાતી સ્પીકર ડો.સંજય રાવલે વિશેષ વકતવ્ય આપ્યું હતું તેમજ રાત્રે રાસ -ગરબાનું ભવ્ય આયોજન કરાયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા લીબાભાઈ હણ, ભરતભાઈ ગોયલ, નરેશભાઈ માસ્તર, ભરતભાઈ કરોત્રા, જનકભાઈ વકીલ, જગદીશભાઈ રબારી, જગદીશભાઈ ગોયલ સહિતના યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

કોંગ્રેસ અને ભાજપનું દિલ્હીમાં ગુપ્ત ગઠબંધન થયુઃ કેજરીવાલ

દિલ્હીમાં લોકસભા ચૂંટણીમાં આપ-કોંગ્રેસ વચ્ચે ગઠબંધન નહિ થાય

ન્યુ દિલ્હી

કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે દિલ્હીમાં લોકસભા ચૂંટણી માટે ગઠબંધન થશે કે નહીં તેવી શક્યતાઓ પર પૂર્ણવિરામ લાગી ગયું છે. આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાજ્યમાં ગઠબંધન કરવાની ના પાડી દીધી છે. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલના આ નિવેદન બાદ રાજ્યમાં હવે ત્રિકોણીય મુકાબલો થશે તે નિશ્ચિત થઈ ગયું છે.

કોંગ્રેસ સત્તાવાર રીતે કોઈ જાહેરાત કરે તે પહેલા જ કેજરીવાલે જાહેરાત કરતા જણાવ્યું કે, રાહુલ ગાંધીએ દિલ્હીમાં ગઠબંધન કરવાની વાત પર નનૈયો ભણ્યો છે. કેજરીવાલે જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ અને ભાજપનું દિલ્હીમાં ગુપ્ત ગઠબંધન થયુ છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ભાજપને હરાવવા માટે વારંવાર પોતાના તરફથી ગઠબંધન માટે કોંગ્રેસ સમક્ષ પ્રસ્તાવ મુકતા રહ્યા છે. કેજરીવાલે દિલ્હી સહિત પંજાબ અને હરિયાણામાં પણ કોંગ્રેસને ગઠબંધન કરવાની ઓફર આપી હતી. દિલ્હી કોંગ્રેસમાં પણ ગઠબંધન પર લોકોનાં મંતવ્યો અલગ-અલગ હતા. પીસી ચાકો આપ સાથેના ગઠબંધન પર ભાર મુકી રહ્યા હતા જ્યારે શીલા દિક્ષીત આ ગઠબંધન કરવાની ના પાડી રહ્યા હતા. પહેલા અજય માકને પણ ગઠબંધનનો વિરોધ કર્યો હતો પરંતુ બાદમાં તેમણે પણ ગઠબંધનને સમર્થન આપ્યું હતું.

હાઈકોર્ટમાંથી પછડાટ બાદ હાર્દિકની સુપ્રીમમાં અરજી

અમદાવાદ

લોકસભાની ચૂંટણી લડવાની ઈચ્છાને લઈને હાર્દિક પટેલે સોમવારે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. હાઈકોર્ટે હાર્દિક પટેલની સજા પર સ્ટે મૂકવાની અરજી ફગાવી દીધી હતી. જેના કારણે હાર્દિકની ઈચ્છા પર પાણી ફરી વળ્યું હતું. પરંતુ હાર્દિક ગમે તેમ કરીને લડવાના મૂડમાં દેખાઈ રહ્યો છે. હાઈકોર્ટમાંથી પછડાટ ખાધા બાદ હાર્દિક સોમવારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી. આગામી સમયમાં હાર્દિક પટેલ ચૂંટણી લડી શકશે કે નહીં તે અંગોનો નિર્ણય સુપ્રીમ કોર્ટ કરશે. રાજ્ય સરકાર તરફથી હાઈકોર્ટમાં કરવામાં આવેલી દલીલોમાં કહેવામાં આવ્યું હતું કે, હાર્દિક સામે રાજદ્રોહ સહિતના કેસો નોંધાયેલા છે. તેનો ઈતિહાસ ગુનાહિત છે. સાથે જ દર વખતે હાર્દિક ભડકાઉ ભાષણ કરે છે. બીજી બાજુ વિસનગર તોડફોડ કેસમાં પણ હાર્દિકની સંડોવણી હતી. આ પહેલા રાજ્ય સરકારે કોર્ટમાં સોગંધનામું રજૂ કરીને જણાવ્યું હતું કે, અમદાવાદમાં તોફાન અંગેના કેસમાં હાર્દિક પટેલ ઘટના સ્થળે તેની હાજરી સ્પષ્ટ બતાવે છે. આરોપી સામે ગંભીર ગુના છે. આરોપીને કેસની ટ્રાયલ સમયે હાજરીમાંથી મુક્તિ આપવામાં આવી હતી, જે નહોતી આપવી જોઈતી હતી. ગુજરાત સરકારની દલીલો હાઈકોર્ટે નોંધી હતી. હાઈકોર્ટે ઓર્ડરમાં નોંધ્યું કે હાર્દિક વિરુદ્ધ વિવિધ પોલીસ સ્ટેશનમાં અનેક ફરિયાદો નોંધવામાં આવી છે. કોર્ટને આપેલી બાંહેધરી બાદ પણ હાર્દિક વિરુદ્ધ ૧૭ એફઆઈઆર નોંધાઈ છે.

જાફરાબાદ ટાઉન પો.સ્ટે.ના પીઆઈ વય મર્યાદાના કારણે નિવૃત થતા સન્માન



જાફરાબાદ ખાતે ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર (પીઆઈ) ચનુરા વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા તેઓનો સન્માન વિદાય સમારંભ પોલીસ સ્ટાફ દ્વારા જાફરાબાદ ટાઉન હોલમાં રાખવામાં આવેલ હતો.આ વિદાય સમારંભમાં સાવરકુંડલાના DySP ચૌધરી સાહેબ તથા મરીન પોલીસ સ્ટેશનના PSI શ્રી જાડેજા, પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના PSI શર્મા,CPI ઈન્ચાજે ધામા તેમજ જાફરાબાદ શહેરના વેપારી એસોસિયેશન? પ્રમુખ હર્ષદભાઈ મહેતા તેમજ જયેશભાઈ ઠાકર અન્ય વેપારી ગણ તેમજ મુસ્લિમ સમાજના આગેવાનો સિદુભાઈ થૈયબ, કાસમભાઈ ખોખર, ઈલ્યાસ ભાઈ તેમજ ખારવા સમાજના પટેલ નારણભાઈ તથા નરેશભાઈ આ સમાજ ના અન્ય આગેવાનો ઉપસ્થિત રહેલ તેમજ Sintex કંપનીના બિપીન દાસ, બ્રિજેશ સાહેબ તથા ભવ્યદીપ સાહેબ તથા સ્વાન એનર્જી કંપનીના મેનેજર તથા GHCL કંપની ના અધિકારી યુનુસ ભાઈ દરબાન તથા અલ્ટ્રાટ્રેક ના મેનેજર શ્રીઓ, જાફરાબાદ પ્રેસ કલબના પત્રકારો એચ.એમ. ઘોરી,બાલકૃષ્ણ સોલંકી,બાબુભાઈ વાઢેલ, કાળુંશાહ બાપુ,રસૂલ ખાન, ફિરોઝ ખાન તથા કોળી સમાજના પ્રમુખ કરનભાઈ પટેલ અને પટેલ શરમણભાઈ તેમજ પોલીસ પરિવાર ના તમામ સભ્યો વિશાળ સંખ્યા માં હાજર રહેલા હતાં.વકીલ મંડળના ઈમરાન ગાહા,શૈલેષ વઢવાણા,પઢીયાર,બાલકૃષ્ણ સોલંકી વગેરેએ હાજર રહીને PI શ્રી ચનુરા સાહેબનું શાલ ઓઢાડીને સન્માન કરેલ. સિટીઝન ફોરમ ઓન human-rights(NGO) નેશનલ ચેરમેન એચ.એમ.ઘોરીએ પુષ્પ ગુચ્છ અને શાલ ઓઢાડી ને સન્માન કરેલ. અને PI આર, ટી, ચનુરા સાહેબની દિર્ઘકાલિન સેવાને બિરદાવીને શુભેચ્છા પાઠવી હતી PI ચનુરા સાહેબે પોતાનો પ્રતિભાવ આપી તેઓની સર્વિસ ગાથા વર્ણવી હતી.તેઓ? નિષ્ઠાવાન અધિકારી તરીકે છાપ ધરાવતા હતા. DySP ચૌધરી સાહેબે તેઓની ફરજ બિરદાવી હતી.PSI શર્મોએ આભાર દર્શન કર્યું હતું.કાર્યક્રમના અંતે સૌએ ભોજન સાથે લીધું હતું.

ઉનાળામાં વકીલો કાળા કોટથી મુક્ત, લોગાવાળી ટાઈ ફરજિયાત

ગાંધીનગર

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ગુજરાત હાઇ કોર્ટને થયેલ રજૂઆત અનુસંધાને ગુજરાત હાઇ કોર્ટે ઉનાળાના સમય દરમિયાન કોટ પહેરવાથી ઉનાળામાં મુકિત આપવામાં આવી છે. બાર કાઉન્સિલના ચેરમેન દિપેન કે. દવે, વાઇસ ચેરમેન પ્રવીણ ડી. પટેલ એકઝીકયુટીવ કમિટીના ચેરમેન કરણસિંહ બી. વાઘેલા તથા શિસ્ત કમિટીના ચેરમેન અનિલ સી. કેલ્લાનાએ યાદીમાં જણાવ્યું હતું કે દેશમાં જુદા જુદા રાજયોની ભોગોલિક પરિસ્થિતિ અનુસાર દેશમાં ઋતુઓનું પ્રમાણ અનિયમિત તેમજ અમુક ભાગોમાં ગરમીનું પ્રમાણ વધુ જોવા મળતું હતું.

પરિણામે ઉનાળાના સમયમાં તાલુકા અને જિલ્લા અદાલતોમાં કામ કરતા કાયદાશાસ્ત્રીઓને ગરમીના ઊંચા પારાને કારણે ઉનાળાના સમયમાં એટલે કે એપ્રિલથી જુલાઇ સુધીના સમયગાળા દરમિયાન કાળો કોટ પહેરવાને કારણે ગરમીનો અસહ્ય ત્રાસ સહન કરવો પડતો હતો. જેથી ડ્રેસ કોડ સંદર્ભમાં ઉનાળાના સમય દરમિયાન ધારાશાસ્ત્રીઓને ચોક્કસ સમય દરમિયાન કાળો કોટ પહેરવામાંથી મુકિત આપવા માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ગુજરાત હાઇ કોર્ટને થયેલ રજૂઆત અનુસંધાને ભારતીય બંધારણના અનુચ્છેદ તથા ક્રિમિનલ મેન્યુઅલ અનુસાર ખાસ ગુજરાત હાઇ કોર્ટે નોટીફિકેશન દ્વારા ઉનાળાના સમય દરમિયાન એટલે કે તા. ૧લી એપ્રિલથી તા. ૩૧મી જુલાઇ સુધી નીચલી અદાલતો, સેશન્સ તથા જિલ્લા અદાલતોમાં માત્ર કાળો કોટ પહેરવામાંથી મુકિત આપવામાં આવી હતી. આ સમય દરમિયાન કાયદાશાસ્ત્રીઓએ સફેદ શર્ટ, સફેદ કોલર્સ સાથે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના લોગો સાથેની કાળી ટાઇ પહેરવી તેવો નવો સુધારો કરવામાં આવ્યા છે.

સુરતમાં વરાછા ખાતે પતંજલી બ્રાન્ડ 'પરિધાન' સૌપ્રથમ શો રૂમનો આરંભ

'પરિધાન'ને અત્યંત સારો પ્રતિસાદ સાંપડ્યો છે : બાબા રામદેવ

સુરત

રવિવારે તારીખ ૩૧મી માર્ચે સવારે ૧૦:૩૦ વાગ્યે યોગગુરૂ અને પતંજલિનો પાયો નાંખનાર બાબા રામદેવે પતંજલિની એક્સક્લુઝિવ બ્રાન્ડ પરિધાનના સુરતના સૌપ્રથમ શો રૂમનો વરાછા રોડ ખાતે પી.પી. સવાણી હાર્ટ ઈન્સ્ટિટ્યુટની સામે શુભારંભ કર્યો હતો. પતંજલિએ હજુ થોડા સમય પહેલાં જ પરિધાન નામથી કપડાંની એક્સક્લુઝિવ બ્રાન્ડ લોન્ચ કરી હતી, જે બ્રાન્ડ અંતર્ગત સ્વદેશીકરણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. શુભારંભ સમયે બાબા રામદેવ તેમજ પરિધાનને લોકો દ્વારા અત્યંત સારો પ્રતિભાવ સાંપડ્યો હતો.

પતંજલિ દ્વારા પરિધાન શરૂ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય સ્વદેશીકરણ અંતર્ગત સ્વદેશી કપડું અને આપણા દેશની ફેશનને પ્રોત્સાહન આપવાનો છે. સાથે જ નાગરિકોને વિદેશી કંપનીઓની સરખામણીમાં રિઝનેબલ કિંમતમાં બેસ્ટ ક્વોલિટી મળી રહે એ પણ પતંજલિ પરિધાનનો આશય છે.

આ પતંજલિ પરિધાન શો રૂમમાં કપડાની ૩૫૦૦૦થી વધુ વેરાઈટીઝ ઉપલબ્ધ છે. જેમાં લેડિઝ-જેન્ટ્સ તેમજ કિડ્ઝના એથનીક વેર, ફોર્મલ વેર, ઈન્ડો વેસ્ટર્ન, કેઝ્યુઅલ વેર, યોગ એન્ડ સ્પોર્ટસ વેર, એસેસરીઝ તેમજ લગ્ન તથા સગાઈ પ્રસંગો માટેના ડિઝાઈનર વેર પણ ઉપલબ્ધ છે.

પતંજલિ પરિધાન બ્રાન્ડ અંતર્ગત આ શો રૂમમાં સંસ્કાર 'આસ્થા' અને લીવ ફીટ જેવા નામોથી સ્પેશિયલ ડિવિઝન પાડવામાં આવ્યા છે. જે તમામ ડિવિઝન માં અનેકવિધ ડિઝાઈન્સ ધરાવતા કપડાં ઉપવબ્ધ છે. પતંજલિ પરિધાનની ખાસિયત એ છે કે ત્યાં મધ્યમવર્ગને માફક આવે એવી પ્રાઈઝ રેન્જમાં વિવિધ વેરાઈટી ઉપલબ્ધ છે. પતંજલિ શરૂ કરવામાં આવેલા પરિધાનને નવા યુવાવર્ગ દ્વારા અત્યંત આવકાર મળી રહ્યો છે. જે અંતર્ગત દેશભરમાં પરિધાનનાં ૮૦થી વધુ શો રૂમ્સ ટૂંક સમયમાં શરૂ થઈ રહ્યા છે.

ડોલવણ, વ્યારા અને વાલોડના ચાર કુખ્યાત બુટલેગરોની પાસામાં ધરપકડ

તાપી જિલ્લા કાઈમ બ્રાન્ચે બુટલેગરોને જેલમાં મોકલી આપ્યા

વ્યારા

તાપી જિલ્લા પોલીસ અધિક્ષક એન.એન. ચૌધરીએ લોકસભાની સામાન્ય ચૂંટણી ન્યાયિક અને શાંતિપૂર્ણ રીતે પસાર થાય તે હેતુથી આદેશ આપતા તાપી જિલ્લા પોલીસ દ્વારા તાપી જિલ્લામાં ભારતીય બનાવટના વિદેશી દારૂના ધંધા સાથે સંકળાયેલા પ્રોહી બુટલેગર (૧) બિન્યામીન શાંતિવન કોંકણી રહે-કેળવણ, નિશાળ ફળિયું, તા. ડોલવણ જિ. તાપી, (૨) મુન્નાભાઈ સુમજીભાઈ ઉર્ફે સુરજીભાઈ ગામીત રહે-બાલપુર ગામ, દવાખાના ફળિયું, તા. વ્યારા જિ.તાપી (૩) દિવ્યેશભાઈ ઉર્ફે કાળીયો સુમનભાઈ રાઠોડ, રહે-બુહારી, બોરડી ફળિયું, તા. વાલોડ જિ. તાપી (૪) વિનોદભાઈ ઉગમારામ ગુજજર રહે-ભીમપોર, નિશાળ ફળિયું, તા. વાલોડ જિ. તાપીનાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ આર.એસ. નિનામા તરફ મોકલી આપતા જિલ્લા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, તાપી તરફથી તા. ૩૦/૦૩/૨૦૧૯ના રોજ ઉપરોકત ચારેય ઇસમોના અટકાયતી વોરંટ ઇસ્યુ કરતા તાપી જિલ્લા પોલીસ અધિક્ષક એન.એન. ચૌધરીની સૂચના અને માર્ગદર્શન હેઠળ તાપી જિલ્લાના એલ.સી.બી પોલીસ ઇન્સ્પેકટર અંકિત સોમૈયાએ (૧) બિન્યામીન શાંતિવન કોંકણી રહે-કેળવણ, નિશાળ ફળિયું, તા. ડોલવણ જિ. તાપીનાને તા. ૩૦/૦૩/૨૦૧૯ના રોજ અટકાયત કરી પાસા દરખાસ્ત હુકમની બજવણી કરી જિલ્લા જેલ ભાવનગર ખાતે (૨) મુન્નાભાઈ સુમજીભાઈ ઉર્ફે સુરજીભાઈ ગામીત રહે-બાલપુર ગામ, દવાખાના ફળિયું, તા. વ્યારા જિ.તાપીનાને જિલ્લા જેલ, અમરેલી ખાતે (૩) દિવ્યેશભાઈ ઉર્ફે કાળીયો સુમનભાઈ રાઠોડ, રહે-બુહારી, બોરડી ફળિયું, તા. વાલોડ જિ. તાપીનાને જિલ્લા જેલ , પોરબંદર ખાતે તથા (૪) વિનોદભાઈ ઉગમારામ ગુજજર રહે-ભીમપોર, નિશાળ ફળિયું, તા. વાલોડ જિ. તાપીનાને જિલ્લા જેલ, જામનગર ખાતે આમ ઉપરોકત ક્રમ નં.૨ થી ૪ના ત્રણેયને તા. ૩૧/૦૩/૨૦૧૯ના રોજ તથા અટકાયત કરી પાસા દરખાસ્ત હુકમની બજવણી કરી જે તે જેલ ખાતે યોગ્ય પોલીસ જામા હેઠળ મોકલી આપવામાં આવ્યા હોવાનું પોલીસ અધિક્ષક, તાપી તરફથી જણાવાયું છે.

બારડોલીના તમામ મતદાન કેન્દ્રોમાં ઈવીએમ અને વીવીપેટનો ઉપયોગ કરાશે

દિવ્યાંગો કે અંધ મતદારોને સહાયકની સુવિધા આપવામાં આવશે

વ્યારા

આગામી તા. ૨૩મી, એપ્રિલે યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન ૨૩-બારડોલી લોકસભા બેઠકની ચૂંટણી દરમિયાન તમામ મતદાન મથકોએ મતદાન માટે ઇ.વી.એમ અને વીવીપેટનો ઉપયોગ કરવામાં આવશે. ઇ.વી.એમ અને વીવીપેટ દ્વારા કરવામાં આવનાર મતદાન બાબતે વધુમાં વધુ મતદારો માહિતગાર થાય એ માટે ૨૩-બારડોલી લોકસભાના ચૂંટણી અધિકારી અને તાપી કલેકટર આર.એસ.નિનામાના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં મતદાર જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે.

ઇ.વી.એમ અને વીવીપેટ દ્વારા થનાર આ ચૂંટણીમાં બેલેટ યુનિટમાં ચૂંટણી લડતા ઉમેદવારનું નામ, તેના પક્ષનું પ્રતિક અને ફોટો છાપવામાં આવશે. અપક્ષ ઉમેદવારના કિસ્સામાં જે તે ઉમેદવારનો ફોટો તેમજ તેઓને ફાળવવામાં આવેલ પ્રતિક છાપવામાં આવશે. કતદાર પોતાના પસંદગીના ઉમેદવાર સામેનું વાદળી બટન દબાવીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. બેલેટ યુનિટ પરનું વાદળી બટન દબાવ્યા બાદ બેલેટ યુનિટની સાથે રાખવામાં વીવીપેટમાં સાત સેકન્ડ સુધી સ્લીપ દેખાશે. જેમાં મતદારે જેને મત આપેલ હશે તે ઉમેદવારનો ક્રમ નંબર, પ્રતિક, અને નામ દર્શાવેલા હશે. જેના પરથી મતદાર પોતે આપેલા મતની ખરાઇ કરી શકશે.

જે કિસ્સામાં બે અથવા વધારે ઉમેદવારોના નામ સમાન હશે તે કિસ્સામાં તે ઉમેદવારોના ધંધા, રહેઠાણ અથવા અન્ય રીતે તેઓની ઓળખ પ્રસ્થાપિત કરવામાં આવશે. મતદાન કરવા ગયેલા મતદારને જાણ થાય કે તેના નામ સામે અન્ય કોઇએ અગાઉ મતદાન કરી દીધેલ છે, તો તે કિસ્સામાં પ્રિસાઇડીંગ ઓફિસર દ્વારા મતદારની ઓળખ પ્રસ્થાપિત કરવામાં આવશે અને તેને બેલેટ યુનિટની જગ્યાએ ટેન્ડર બેલેટ પેપરથી મતદાન કરવા દેવામાં આવશે. અને આ અંગેની નોંધ ફોર્મ નં. ૧૭ બીમાં કરવામાં આવશે. અંધ અને દિવ્યાંગ મતદારો કે જેઓને મતદાન કરવા માટે સહાયકની જરૂર હશે તેઓને સહાયકની મદદથી મતદાન કરવા માટેની સુવિધા આપવામાં આવશે.

મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, કંટ્રોલ યુનિટને ઉમેદવારના પ્રતિનિધિઓની હાજરીમાં સીલ કરવામાં આવશે. અને આ પ્રકારના તમામ ઇ.વી.એમ અને વીવીપેટને સ્ટ્રોંગરૂમમાં મુકી, સ્ટ્રોંગરૂમ ઉમેદવાર કે ઉમેદવારના પ્રતિનિધિઓની હાજરીમાં સીલ કરવામાં આવશે એમ ચૂંટણી અધિકારી તરફથી જણાવાયું છે.

રાહુલ ગાંધી ૪ એપ્રિલે વાયનાડ બેઠક પરથી ઉમેદવારી પત્રક ભરશે

ન્યુ દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ યુપીની અમેઠી બાદ કેરળની વાયનાડ બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડવાના છે. ત્યારે આગામી ચાર એપ્રિલના રોજ રાહુલ ગાંધી વાયનાડ બેઠક પરથી ઉમેદવારી પત્રક ભરી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાહુલ ગાંધી ત્રીજી એપ્રિલે વાયનાડની મુલાકાતે જઈ શકે છે. ત્યારે કોંગ્રેસે રાહુલ ગાંધીની મુલાકાતને લઈન તમામ તૈયારીઓ પણ શરૂ કરી છે. રાહુલ ગાંધી અહી વિશાળ રોડ શો અને જનસભાને પણ સંબોધી શકે છે. મહત્વપૂર્ણ છે કે, રાહુલ ગાંધી ડાબેરીઓના લાલ કિલ્લામાં ચૂંટણી લડવાના છે. જેનો વિરોધ ડાબીરીઓએ પણ કર્યો. કેરળના સીએમ પી. વિજયને રવિવારે જણાવ્યુ હતુ કે, રાહુલ ગાંધી લેફ્ટને પડકાર ફેકવા માટે આવી રહ્યા છે.

ધરમપુરમાં મતદાર જાગૃતિ ઝુંબેશ સાથે ઈવીએમ-વીવીપેટનું નિદર્શન

વલસાડ

લોકસભાની સામાન્ય ચૂંટણી -૨૦૧૯ દરમિયાન મતદાનના દિવસે ઇ.વી.એમ.ની સાથે મતદારે કયા ઉમેદવારને મત આપ્યો તે જોઇ શકે તે હેતુસર વીવીપેટનો ઉપયોગ પણ કરાશે. મતદાન પ્રક્રિયાની જાણકારી જિલ્લાના દરેક મતદારને મળે તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી સી.આર.ખરસાણની રાહબરી હેઠળ ઝુંબેશના રૂપમાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત ઇ.વી.એચ.-વીવીપેટના નિદર્શનો કરવામાં આવી રહ્યાં છે. જેનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં કરાયેલા નિદર્શનમાં ગ્રામજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી જાણકારી મેળવી હતી. આ અવસરે ગ્રામજનો પાસે મોકપોલ કરાવી પ્રત્યક્ષ નિદર્શન થકી મતદાન પ્રક્રિયા અંગે જાણકારી આપવાની સાથે તા. ૨૩મી એપ્રિલે યોજાનારા મતદાનમાં સૌ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તેવો અનુરોધ પણ કરાયો હતો.

પાન-આધારને લિંક કરવાની અંતિમ તારીખ વધારીને ૩૦ સપ્ટેમ્બર કરાઇ

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે રવિવારના રોજ કાયમી ખાતા નંબર (પાન)ને આધારથી લિંક કરવાની સમય મર્યાદા છ મહિના સુધી વધારીને ૩૦ સપ્ટેમ્બર કરી છે. આ છઠ્ઠી વખત છે જ્યારે સરકારે પાનને આધારથી લિંક કરવાની સમય-મર્યાદામાં વધારો કર્યો છે. સરકારે ગત વર્ષે જૂનમાં પાનને આધારથી લિંક કરવાની છેલ્લી તારીખ ૩૧ માર્ચ નક્કી કરી હતી. સીબીડીટીએ એક નિવેદનમાં જણાવ્યું કે, 'જો કોઈ વિશિષ્ટ છૂટ આપવામાં આવતી નથી તો આધાર નંબર માટે માહિતી આપવા અને પાનને આધાર સાથે લિંક રવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ છે. સાથે જણાવવામાં આવ્યું કે પહેલી એપ્રિલ ૨૦૧૯થી રિટર્ન ભરતી વખતે આધાર નંબરનો ઉલ્લેખ કરવો ફરજિયાત છે. સીબીડીટીએ જણાવ્યું કે સમાચાર હતા કે જે પાન માર્ચ ૩૧ માર્ચ સુધી આધારથી લિંક નહીં હોય તે અમાન્ય હોઈ શકે છે. જેના પછી આ મુદ્દા પર સરકારે વિચારણા કરી હતી અને તેના માટે છેલ્લી તારીખ વધારીને ૩૦ સપ્ટેમ્બર કરી હતી.

પરવત ગામથી ભિક્ષપતિ મિરીયાલ ગુમ

સુરત

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલિસના જણાવ્યા અનુસાર તા.૨૭/૦૨/૨૦૧૯ ના રોજ ૨૪૨, ચન્દ્રલોક સોસા., પરવત ગામ (મૂળઃ ગૌરવપેલ્લી, હૈદરાબાદ) ખાતે રહેતા ૪૫ વર્ષીય ભિક્ષપતિ નરસૈયાનારા મિરીયાલ ગુમ થયા છે. તેઓ શરીરે મજબૂત બાંધાના, રંગે શ્યામ વર્ણ અને ઉંચાઈ ૫ ફૂટ અને મોઢું લકવાના કારણે એક બાજુ વળી ગયું છે. તેમણે ચેક્સવાળો શર્ટ અને કોફી કલરનો બરમૂડો પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા ખટોદરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

ત્રિપુરી હાઈકોર્ટનો વિચિત્ર ચુકાદો

રાજકીય ભાષણમાં નેતાઓ દ્વારા ગાળો-અપશબ્દોનો પ્રયોગ ગુનાહિત ધમકીના વ્યાપમાં નહી આવે

અગરતલા

ચૂંટણીની આ મોસમમાં ત્રિપુરા હાઈકોર્ટે એક દિલચશ્પ ચુકાદો આપ્યો છે. તેમાં કહેવાયુ છે કે રાજકીય ભાષણોમાં નેતાઓ દ્વારા ગાળો અને અપશબ્દોનો પ્રયોગ ગુનાહિત ધમકીના વ્યાપમાં નહીં આવે.

હાઈકોર્ટે કહ્યું કે ભાષણોમાં ઘણુ બધું બોલાતુ હોય છે જેનો કોઈ મતલબ નથી હોતો, ન કોઈ ઠોસ વાતો હોય છે. ત્રિપુરાના આ કેસમાં હાઈકોર્ટે આમ કહીને સીપીઆઈ નેતા અને રાજયસભાના સભ્ય ઝરનાદાસ બૈદ્યા વિરૂદ્ધનો કેસ રદ કરી દીધો હતો. કોર્ટે કહ્યું કે ભાષણ દરમ્યાન ગાળો, અપશબ્દોનો ઉપયોગ અને શારીરિક ઈશારાઓ આઈપીસીની કલમ ૫૦૩, ૫૦૪ અને ૫૦૬ના વ્યાપમાં નથી આવતા.

ફરીયાદ અનુસાર, કમ્યુનિસ્ટ નેતાએ ભાષણમાં કહ્યું હતું કે ૨૦૧૮માં વિધાનસભા ચૂંટણી પછી ભાજપાના પ્રદેશ પ્રમુખ વિપ્લવ દેવ અને તેના પ્રચારકો તો ત્રિપુરામાં રહેશે નહીં, પણ કાર્યકર્તાઓ તો અહીં જ રહેવાના છે અને તેઓ પરિણામ ભોગવવા તૈયાર રહે. ગોમતી ઉદયપુર મેજીસ્ટ્રેટે આ અંગેની ફરીયાદ રદ કરી નાખી હતી. તેમણે કહ્યું કે એક તો આરોપી એમપી છે અને તેના વિરૂદ્ધ સીઆરપીસી ધારા ૧૯૭ હેઠળ પૂર્વ પરવાનગી વગર કેસ ન ચલાવી શકાય. બીજું આ કેસમાં ગુન્હાહિત ધમકી અંગેની કલમ ૫૦૩, ૫૦૪ અને ૫૦૬ લાગુ કરવા માટે જરૂરી સાબિતિઓ નથી.

તંત્રી સ્થાનેથી...

મહાચૂંટણી કે મહાભારત

ચોકીદાર ચોર હે અને મે ભી ચોકીદાર , લાગે છે કે દેશની રાજનીતિ આ છ અક્ષરોમાં મર્યાદિત થઈ ગઈ છે. નરેન્દ્ર મોદી સહિત ભાજપ અને એનડીએના નેતાઓ જ્યાં રેલીઓ કરીને મોટા ભાગનો સમય પોતાને દેશના સફળ ચોકીદાર તરીકે ગણાવી રહ્યા છે. બીજી બાજુ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી સહિત મોટા ભાગના વિપક્ષી નેતાઓ એનડીએ સરકાર ભ્રષ્ટાચારી હોવાનો દાવો કરી રહ્યા છે. આ લોકો ચોકીદાર ચોર હેના નારા લગાવી રહ્યા છે.ચોર સાહુકારની આ લડાઈના કારણે અન્ય તમામ મુદ્દા ગૌણ બની ગયા છે. આ વખતે સામાન્ય ચૂંટણીમાં જે રીતે મુદ્દાઓ બદલી દેવામાં આવી રહ્યા છે તે પ્રકારની સ્થિતી પહેલા ક્યારેય જોવા મળી ન હતી. રાફેલ ડીલમાં ભ્રષ્ટાચાર, અંબાણી અદાણીને લાભ પહોંચાડી દેવાના મુદ્દા જ્યારે ગરમી પકડી રહ્યા હતા ત્યારે જ ભાજપે રાષ્ટ્રીય સુરક્ષાને હથિયાર તરીકે બનાવીને હવે મુશ્કેલી ઉભી કોંગ્રેસ માટે કરી દીધી છે. પુલવામા હુમલા બાદ ભારતીય હવાઈ દળ દ્વારા કરવામાં આવેલા હવાઈ સર્જિકલ હુમલાના કારણે ભારતીય જનતા પાર્ટી જોરદાર રીતે મેદાનમાં આવી ગઈ છે. જેના કારણે દેશમાં માહોલ બદલાઈ ગયો છે. કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેમની પાસે કોઈ મુદ્દા રહ્યા નથી. વિપક્ષે ફરી તીર ચલાવ્યા કે હુમલાને લઈને પુરવા આપવામાં આવે. સાથે સાથે દેશના લોકોને કહેવામાં આવે સર્જિકલ સ્ટ્રાઈકમાં કેટલા ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. સરકારે પણ સંરક્ષણ પ્રધાન અને તમામ સંરક્ષણ નિષ્ણાંતોને મેદાનમાં ઉતારી દીધા હતા. જનતાના દિલો દિમાગ પર આ વાત બેસાડી દેવામાં આવી કે કાર્યવાહી જોરદાર રીતે કરવામાં આવી હતી. કેટલા ત્રાસવાદીઓ માર્યા ગયા હતા તેની ગણતરી કરવાનુ કામ પાકિસ્તાનનુ રહેલુ છે. સેના બોંબ ઝીંકે છે લાશો ગણતી નથી. ભાજપે એક રીતે કોંગ્રેસને આ મુદ્દા પર પીછેહટ કરવાની ફરજ પાડી દીધી છે. આનો તોડ રાહુલ ગાંધી લઈને આવ્યા હતા. રાહુલે કહ્યુ હતુ કે જો તેમની સરકાર આવશે તો ગરીબોના ખાતામાં ૭૨૦૦૦ રૂપિયા ઉમેરી દેવામાં આવનાર છે. જનતા પર આ અચુક હથિયારની અસર દેખાવવા લાગી હતી કે નવા સમાચાર આવ્યા કે વડાપ્રધાન દેશના નામ સંબોધન કરનાર છે અને મોટી માહિતી આપનાર છે. ચારેબાજુ અટળો ચાલુ થઈ ગઈ હતી કે મોદી ફરી શુ કહેશે. નોટબંધી અને જીએસટીથી પરેશાન લોકોમાં ચિંતા ફેલાઈ ગઈ હતી. મોદી રાષ્ટ્ર સમક્ષ ઉપસ્થિત થયા અને અંતરિક્ષમાં ભારતને મહાશક્તિ બનાવવા માટેની જાહેરાત કરી દીધી હતી. વિપક્ષના વધુ એક હથિયારને નિષ્ફળ કરવામાં આવ્યો હતો. એવા આક્ષેપ કરવામાં આવ્યા કે ઈસરોની સફળતાને લઈને રાજકીય લાભ લેવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કોઈ પણ બાબત હોય પરંતુ મોદી ન્યાય યોજનાથી દેશના લોકોનુ ધ્યાન અન્યત્ર દોરવામાં સફળ રહ્યા હતા. એકંદરે આ વખતની ચૂંટણી મહાભારતની યાદ અપાવે છે. જેમાં બંને સેનાના મહારથી એક બીજા પર એકથી એક ભારે હથિયારો ચલાવી રહ્યા હતા. પ્રતિપક્ષ જવાબી કાર્યવાહીમાં તેમના હથિયારોને નષ્ટ કરી રહ્યા હતા. મતદારો આજે આ મહાભારતની લડાઈને નિહાળી રહ્યા છે. મતદારો નારાજ છે. કારણ કે તેમના હિતોની વાત કોઈ કરી રહ્યા નથી. સત્તાના સોદાગર દરેક સીટ પર બોલી લગાવી રહ્યા છે. જાદુઈ સંખ્યા હાંસલ કરવાની સ્પર્ધા ચાલી રહી છે. જીતના જંગમાં ખેડુતો, વીજળી, પાણી અને અન્ય સમસ્યાપ્રવર્તી રહી છે. દેશમા સત્તા કોણ હાંસલ કરશે તે અંગે ૨૩મી મેના દિવસે માહિતી મળી જશે.

ખરાબ વ્યવહારના કારણે પાકિસ્તાનના ૧૦૩ સૈનિકોના ફેસબુક એકાઉન્ટ બંધ

સાન ફ્રાન્સિસ્કો

સોશિયલ મીડિયા સાઈટ ફેસબુકે પ્રાઈવસી પોલિસીના ઉલ્લંઘનને લઈ પાકિસ્તાની સૈન્યના કર્મચારીઓના એકાઉન્ટ પર કડક પગલા ઉઠાવ્યા છે. ફેસબુકે પાકિસ્તાની સેનાના ૧૦૩ કર્મચારીઓના એકાઉન્ટ બંધ કરી દીધા છે. બંધ કરવામાં આવેલા એકાઉન્ટમાં ફેસબુક સાથે ઈન્સ્ટાગ્રામનો પણ સમાવેશ થાય છે. આ એકાઉન્ટ ફેસબુક પેજ અને ગ્રુપમાં સક્રિય હતા. ફેસબુકનું આ અંગે કહેવું છે કે, તેમની આ કાર્યવાહી ફેસબુક પ્રાઈવસીના ઉલ્લંઘનને લઈને છે.

ફેસબુકે કહ્યું છે કે, જે પણ સૈન્યના કર્મચારીઓના ખાતા બંધ થયા છે તેમણે અમાનવીય વ્યવહાર અથવા તો સ્પેમ પર ફેસબુકની નીતિઓનું ઉલ્લંઘન કર્યું છે. ફેસબુક સાઈબર સિક્યોરિટીના હેડ નાથાનીલ ગ્લીચરે જણાવ્યું કે, અમે પાકિસ્તાનથી ઉતપન્ન થનારા નેટવર્ક પર ૧૦૩ ફેસબુક-ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બંધ કરી દીધા છે. જેના પર ફેસબુકની પ્રાઈવસી પોલિસીનું ઉલ્લંઘન થતું હતું.

ફેસબુકનું આ વિશે કહેવું છે કે, અમે સોશિયલ મીડિયા પર લોકોને ગુમરાહ કરનારા અનુચિત વ્યવહારની ખબર લગાવવા અને તેમને રોકવા માટે સતત કામ કરી રહ્યા છીએ. આ ખાતાઓને તેમના પોસ્ટના આધારે નહીં પણ તેમના વ્યવહારના આધારે બંધ કર્યા છે. ફેસબુકના પ્રમાણે અમને માહિતી મળી કે આ તમામ ગતિવિધિઓ પાછળ જે લોકો સામેલ છે એ એકબીજા સાથે જોડાયેલા છે. અને ખોટી રીતે ઉપયોગ કરવા માટે ફેક એકાઉન્ટનો ઉપયોગ કરે છે. જે આધારે આ તમામ એકાઉન્ટને બંધ કરવામાં આવ્યા છે.

તેલંગણામાં કોંગ્રેસ અને ટીડીપીની સામે અનેક નવા પડકારો છે...

તેલંગણા : કેસીઆરનો જાદુ અકબંધ



કેસીઆરની સામે હાલમાં કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રહારો કરવામાં આવી રહ્યા છે : લોકસભા ચૂંટણીમાં સમીકરણ જુદા છે

લોકસભા ચૂંટણી માટે રણશિંગુ ફુંકાઈ ગયા બાદ હવે તમામ રાજકીય પક્ષો જોરદાર રીતે મેદાનમાં ઉતરી રહ્યા છે. વિધાનસભા ચૂંટણી બાદ હવે લોકસભા ચૂંટણીમાં કેસીઆરની આકરી કસોટી તેલંગણામાં થનાર છે. કારણ કે દેશની ચૂંટણી હોવાથી હવે કોણ બાજી મારે છે તે બાબત ઉપયોગી રહેશે. કોંગ્રેસ અને ભાજપ બંને દ્વારા કેસીઆર પર પ્રહારો કરવામાં આવી રહ્યા છે. વિધાનસભાની ચૂંટણી બાદ એમ માનવામાં આવે છે કે કેસીઆરનુ પ્રભુત્વ અકબંધ રહ્યુ છે. કારણ કે હાલમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં કેસીઆરની પાર્ટી ટીઆરએસે જોરદાર સપાટો બોલાવીને ૮૮ સીટો જીતી લીધી હતી. આ પાર્ટીએ ૧૧૯ સીટ પર ચૂંટણી લડી હતી. કોંગ્રેસે અહીં ૧૯ અને ભાજપે એક સીટ જીતી હતી. આ તમામ આંકડા પરથી કહી શકાય છે કે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસને અહીં ખુબ મહેનત કરવાની રહેશે. તમામ દળો દ્વારા તેલંગણામાં જે રીતે એકાએક આવી પડેલા પડકારનો સામનો કરવા માટે મહાગઠબંધનન જાહેરાત કરવામાં આવી છે તેને લઈને હવે રાજકીય ઘમસાણની સ્થિતી સર્જાઈ ગઈ છે. લોકસભા ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે તેલંગાણામાં પણ રાજકીય ગરમી ચરમસીમા પર પહોંચી ગઈ છે. તેલંગણામાં રાજકીય રમતનો દોર શરૂ થયો છે.વિપક્ષી દળોએ જે રીતે એકાએક આવી પડેલા પડકારને ધ્યાનમાં લઈને નવી જાહેરાતો કરી છે તેને લઈને એવા સંકેત મળી રહ્યા છે કે વિપક્ષન સુસ્તી હવે દુર થઈ રહી છે. પોતાના જન્મકાળથી જ કોંગ્રેસ પાર્ટીનો જોરદાર વિરોધ કરનાર તેલુગુ દેશમ પાર્ટી પણ હવે કોંગ્રેસની સાથે નજરે પડે છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ સાથે છેડો ફાડી લીધા બાદ હવે કોંગ્રેસ સાથે નાયડુએ હાથ મિલાવી લીધા છે. કર્ણાટકમાં શક્તિ પ્રદર્શન દરમિયાન પણ નાયડુ હાજર રહ્યા હતા. વિરોધ પક્ષો હાલમાં એવા કોઈ સંકેત પણ આપવા માંગતા નથી કે ચન્દ્રશેખર રાવે તેમની ચાલથી તેમને હાર આપી દીધી છે. આજ કારણસર ખુબ ઝડપથી મહાગઠબંધનની જાહેરાત લોકસભા ચૂંટણી માટે કરવામાં આવી હતી. અહીં હવે કોંગ્રેસ, તેલુગુ દેશમ પાર્ટી, સીપીઆઈના સ્થાનિક નેતાઓ પારસ્પરિક વાતચીત કરીને તમામ બાબતો નક્કી કરી ચુક્યા છે. તેમનુ કહેવુ છે કે બેઠકોની વહેંચણી અંગે અંતિમ નિર્ણય તો થતા રહેશે પરંતુ ગઠબંધનની જાહેરાત કરવાથી લાભ થશે. આજ કારણસર ગઠબંધનની જાહેરાત કરી દેવામાં આવી છે. આવી સ્થિતીમાં મહાગઠબંધનની સામે ભાજપને હવે મેદાનમાં રહેવાની જરૂર રહેશે. ચૂંટણીમાં બેઠકોની વહેંચણીની બાબત ક્યારેય પણ સરળ રહેતી નથી. આ ગાળામાં જ બળવો થતો હોય છે. સાથી પક્ષોમાં બેઠકોની ઓછી સંખ્યાને લઈને હોબાળો થાય છે. પરંતુ તમામ પક્ષોના સર્વોચ્ચ નેતા માને છે કે વખતે તેલંગણામાં રાજકીય સમીકરણ અલગ દેખાઈ રહ્યા છે. ચન્દ્રબાબુ નાયડુ પણ ભાજપ સાથે અલગ થઈ ગયા બાદ તેમની કસોટી થનાર છે. ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અમિત શાહે પહેલાથી જ કહી દીધુ છે કે આ વખતે ભાજપે તમામ તાકાત લગાવી દેશે. કારણ કે તેની સામે પણ નવા પડકારો રહેલા છે. ભાજપે રાજ્યમાં પોતાન તાકાતને વધારી દેવા માટે છેલ્લા કેટલાક સમયથી સતત પ્રયાસો કર્યા છે. આવી સ્થિતીમાં આ વખતે તેની સ્થિતી પહેલા કરતા ચોક્કસપણે મજબુત રહે તેવી શક્યતા છે. તેલુગુ દેશમ પાર્ટી અને કોંગ્રેસ સાથે આવવાથી કેટલાક નવા સમીકરણ રચાવવાના સંકેત દેખાઈ રહ્યા છે. આશ્ચર્યજનક બાબત એ છે કે પડોશી રાજ્ય આંધ્રપ્રદેશમાં બંનેની નજીકની સ્પર્ધા છે. આ રાજ્યમાં બંને એકબીજાના હરિફ છે. દુશ્મનો હવે એક સાથે આવી રહ્યા છે. દુર દુર સુધી કોઈને કલ્પના પણ ન હશે કે ટીડીપી અને કોંગ્રેસ તેલંગણામાં એક સાથે આવશે અને સાથે મળીન ચૂંટણી લડશે. રાજનીતિમાં અસામાન્ય પડકારોનો સામનો કરવા માટે હમેંશા અસામાન્ય તરીકાનો ઉપયોગ કરવામાં આવે છે. આવી સ્થિતીના કારણે જ રાજકીય સ્પર્ધા વધારે તીવ્ર બની જાય છે. રાજનીતિમાં એકબીજાના નક્કર દુશ્મન સાથે આવવામાં સમય લગાવતા નથી. ઉત્તરપ્રદેશમાં આ દાખલો જોવા મળી ચુક્યો છે. જયા ભાજપને હાર આપવા માટે એકબીજાને જોવા માટે પણ તૈયાર ન રહેતા સમાજવાદી અને બહુજન સમાજ વાદી પાર્ટી હવે સાથે આવી ગયા છે. ધીમે ધીમે આ બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે આગામી લોકસભાની ચૂંટણીમાં વિપક્ષી દળો પણ વધારે ગંભીર રીતે રહીને મેદાનમાં ઉતરી જવા માટે તૈયાર છે.

કસ્ટમરોને સંતુષ્ટ રાખવાથી બિઝનેસમાં જરૂરી સફળતા મળશે

વિશ્વાસ જીતવાથી સેલ્સ વધી શકશે



સફળતા હાંસલ કરવા માટે યોગ્ય પ્રોફેશનલોને હાયર કરવા જોઈએ અને પ્રાઈવેસી પોલિસ પણ અપનાવવી જોઈએ : યોગ્ય ફોન સિસ્ટમ જરૂરી

હાલના સમયમાં કારોબારમાં ગળા કાપ સ્પર્ધા ચાલી રહી છે. દરેક કારોબાર બીજા કારોબારથી આગળ નિકળી જવા માટેની મથામણમાં રહે છે. સફળ ઉદ્યોગ સાહસિક બનવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તે સૌથી ઉપયોગી છે. સૌથી પ્રાથમિક બાબત કસ્ટમર્સનો વિશ્વાસ જીતવા માટેની હોય છે. સફળ એન્ટરપ્રેન્યોર બનવા માટે આપને સૌથી પહેલા તો આપના કસ્ટમરોને ખુશ કઈ રીતે રાખી શકાય છે તે બાબતની માહિતી હોવી જોઈએ. પોતાના કસ્ટમરોને સંપૂર્ણ સંતોષ થાય અને તે વિશ્વાસમાં રહે તેવા પ્રયાસ કરવા જોઈએ.જ્યાં સુધી તમે પોતાના કસ્ટમરોનો વિશ્વાસ જીતશો નહી ત્યાં સુધી તમે કોઈ પણ કારોબારમાં સફળતા હાંસલ કરી શકશો નહી. આ બાબત બિલકુલ વાસ્તવિક છે અને અભ્યાસથી પણ સાબિત થઈ ચુકી છે. બિઝનેસના સેલ્સને વધારી દેવા માટે કેટલાક પાસા પર ધ્યાન આપવામા આવે તે જરૂરી છે. કસ્ટમરોના વિશ્વાસને કઈ રીતે જીતી શકાય છે તે બાબત કેટલીક ઉપયોગી સાબિત થઈ શકે છે. જાણકાર લોકો કહે છે કે આપના લોગોને બિઝનેસના ચહેરા તરીકે ગણી શકાય છે. કારણ કે આપના લોકોના ડિઝાઈન આપની વેબસાઈટની કલર સ્કીમને પ્રભાવિત કરે છે. લોગોની પસંદ કરવા માટે કેટલાક નિષ્ણાંતોની મદદ લેવ જોઈએ. કારણ કે લોગો તરફ સૌથી પહેલા કસ્ટમરો આકર્ષિત થાય છે. લોગો તૈયાર કરવા માટે કેટલાક પ્રોફેશનલ ફ્રીલાન્સરને રોકી શકાય છે. અથવા તો કંપની કોઈ કંપનીને હાયર કરી શકાય છે. આપને એક શાનદાર લોગો મળી શકે તે ખુબ જરૂરી છે. આ લોગો કસ્ટમરોને આપની તરફ આકર્ષિત કરી શકે છે. આપ આપની વેબાઈટ પર કસ્ટમરો સાથે ફાઈવ સ્ટાર રેટિંગ્સ સિસ્ટમ પણ બનાવી શકો છો. આના કારણે તેઓ આપની પ્રોડક્ટસ અને સર્વિસને રેટિંગ્સ આપી શકે છે. આના કારણે અન્ય લોકો પણ આકર્ષિત થઈ શકે છે. સાથે સાથે રિવ્યુ કરી શકશે. જ્યારે પણ કોઈ નવા ગ્રાહકો આપની વેબસાઈટ પર આવશે ત્યારે તે રિવ્યુ અને રેટિંગ્સ જોઈને આપના પ્રોડક્ટસ તરફ ધ્યાન આપી શકે છે. આ સિસ્ટમના કારણે ગ્રાહકો આપનામાં વિશ્વાસ વધારે હાંસલ કરી શકશે અને ગ્રાહકો વારંવાર પહોંચી શકશે. પ્રાઈવેસી પોલીસી પર પણ ધ્યાન આપવા માટે તમામ લોકો હાલના સમયમાં સુચન કરે છે. વર્તમાન સમયમાં તમામ કસ્ટમરો પોતાની પ્રાઈવેસીને લઈને વધારે સતર્ક રહે છે. આપને પણ તેમની પ્રાઈવેસીને લઈને સાવધાન રહેવાની જરૂર હોય છે. તેમની પર્સનલ બાબતોને ખુબ સાવધાનીપૂર્વક સાચવીને રાખવામાં આવે તે જરૂરી હોય છે. આ પ્રકારની માહિતી ખોટા હાથમાં ન જાય તે માટે તમે એક પ્રાઈવેસી પોલીસી બનાવી શકો છો. ગ્રાહકો તમારા પર વધારે ધ્યાન આપી શકે તે માટે સાવધાની પૂર્વક આગળ વધવાની જરૂર હોય છે. તમે જે કંપનીઓની સાથે કામ કરી રહ્યા છો તેમની ઈમેજનો લાભ લઈને તમે તમારા કારોબારને વધારી શકો છો. તમે તમારી વેબસાઈટ અથવા તો કંપની બ્રોશર પર આ કંપનીઓના લોગોનો ઉપયોગ કરી શકો છો. આનાથી આપના ગ્રાહકોને આ બાબતની જાણ થશે કે આ કંપની પ્રતિષ્ઠિત કંપનીઓ સાથે પણ કારોબાર ધરાવે છે અને તેમનામાં વિશ્વાસ કરી શકાય છે. આ મોટી કંપનીઓ આપના ગ્રાહકો તરીકે છે તે બાબત ગ્રાહકોમાં વધારે આત્મવિશ્વાસ આપને લઈને સર્જી શકે છે. આપના પર વિશ્વાસ વધારે આવવાથી કારોબાર વધી શકે છે. પોતાના બિઝનેસને આગળ વધારી દેવા માટે પને પ્રોફેશનલ ફોન સિસ્ટમ રાખવાની પણ જરૂર હોય છે. આના માટે એક ટોલ ફ્રી નંબર ચોક્કસપણે લેવાની જરૂર હોય છે. આના કારણે જ્યારે કોઈ ગ્રાહક આપને ફોન કરશે ત્યારે ઓટોમેટેડ સિસ્ટમ તેમને ગ્રીટ કરશે. તેમના ઓપ્શન સિલેક્ટ કર્યા બાદ આપની સાથે તેમની વાત કરાવશે. આનાથી ગ્રાહકને લાગશે કે આપની કંપની કોઈ નાની કંપની નથી. મોટી કંપની છે. આનાથી પણ વિશ્વાસમાં વધારો થશે. બિઝનેસને વધારી દેવા માટે કેટલાક અન્ય પ્રયોગોને પણ અમલી કરવામાં આવી શકે છે. જો કે સૌથી મહત્વપૂર્ણ બાબત તો બિઝનેસમાં વધુને વધુ વિશ્વાસ ગ્રાહકોનો જીતવા સાથે સંબંધિત છે. ગળા કાપ સ્પર્ધાના સમયમાં ગ્રાહકો પ્રત્યે માન સન્માન રાખીને તેમને યોગ્ય માર્ગદર્શકન આપીને પણ તેમના મનને જીતી શકાય છે. આવુ કામ લાંબા ગાળે ફાયદો કરાવે છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

---

the next big thing

URMI

INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

અનેક નહી એક INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ ? પરંતુ
શું આપનો Portfolio સહી હૈ ?
SWACHH PORTFOLIO ABHIYAN

સમૃદ્ધ = ભારત

૨૦૨૫ ને ધ્યાનમાં રાખીને આપના PORTFOLIO ને સ્વચ્છ કરાવો.

- નવા PAN કાર્ડ • URGENT PAN કાર્ડ
- PAN કાર્ડમાં સુધારો • 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.
સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) સબસીડીપાત્ર **ઓટોમેટિક થ્રેશર**
ઘઉં-ચણાનું (ડાલા, તુવેર, સોયાબીન, જુવાર, બાજરો, ચણા - ૨૭ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર સબસીડીપાત્ર (વીણી-તજ મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર સબસીડીપાત્ર ૯ ફૂટ કટર

હાર્વેસ્ટર (ભીની તથા મોકું) (સ્વરાજ તથા અન્ય પંજાબના કોઇપણ હાર્વેસ્ટર) સબસીડીપાત્ર ૫૨-૧૨-૧૪ ફૂટ કટર

ચારણો કરતું **લસણ/ડુંગળીનું કટર** ટ્રેક્ટર - ઈલેક્ટ્રીક મોટર સંચાલિત (જાનું/મોકું)

ડીલર
મહિન્દ્રા રોટાવેટર (હેવી) સબસીડીપાત્ર ૫- ૫.૫-૬ ફૂટ

ડીલર
કોમ્પ્યુટર પાવડો લેઝર લેવલર (સિંગલ - ડબલ ટાયર) ઓરીજીનલ જર્મની - ઇટાલી સબસીડીપાત્ર

૨, ૩, ૩.૫ ફૂટ
આંતરખેડ (પાવર વિડર) હાથનું રાંપડા દેવાનું - ઢૂંઢવાનું પેટ્રોલ તથા ડીઝલ (સબસીડી પાત્ર)

ટ્રોલી-ઢગલામાંથી ગોડાઉનમાં હુસેલ-ફૂલ-કુંવળ ભરવાનું બ્લોઅર, બંધારિયું, પંજાબનું સાદું રિવર્સ લોડર, પાવડો-રિવર્સ પાવડો, થ્રેર તથા બહારગામથી મોબાઈલ દ્વારા મોટરપંપ ચાલુ-બંધ કરવાનું મશીન, બેટરી શોટ-ઝટકા તાર ફેન્સીંગ, થાપ કટર (પૂળા કાપવાનું) તથા અન્ય ખેતીકામને લગતા તમામ પ્રકારના સાધનો મળશે.

ચાલુ કામનો વિડિયો વોટ્સએપ/વેબસાઈટ/યુટ્યુબ પર જોવા મળશે. | ટૂંક સમયમાં હાર્વેસ્ટરના સ્પેરપાર્ટ્સ મળશે.

ખેડૂતોએ ખેતીકામના કોઈપણ સાધનો ખરીદતાં પહેલાં એક વખત ફુબરુ મુલાકાત અવશ્ય લેવી.

જૂનું છોડો... નવું અપનાવો... આગળ વધો... પ્રગતિ કરો... ખેડૂતનાથ એ જ જગન્નાથ

અખંડ ભારત રહો — અહિંસા પરમો ધર્મ

વિષ્ણુ સુદર્શન જ્યોતિષ

જીઓ ઔર જીને દો

Guarantee for Solution and Privacy All World Open Challange

૪૦ વર્ષના અનુભવી શ્રી રાજગુરૂજી દેશ-વિદેશમાં પ્રખર ૪ પેઢીથીસેવા આપનાર.

દેશ-વિદેશનાં લેતા ભાઈ-બહેનો વૈજ્ઞાનિક કોલથી કામ કરાવી શકે છે ૧૮ ગોલ્ડમેડાલિસ્ટ, ફોરેન રીટર્ન, વર્લ્ડ ફેમસ **એકવાર ફોન કરો લાભ લો.**

વિશેષ : શેર-સટ્ટા, લોટરી, હોટલ, મોટેલરેસ્ટોરન્ટ, ટી.વી. ફિલ્મલાઈનમાં કામ, કેરીયરએશીપ જોબ, ફસાયેલા નાણાં, દારૂ-ડ્રગ્સ છોડાવો,દેશ-વિદેશની એ ટુ ઝેટ ગુપ્ત તમસ્યા, પતિ-પત્નની સેક્સ્યુલ પ્રોબ્લેમ, તંતાનપ્રાપ્તિ, નબળાઈ, કમજોરી, અશાંતિ, ગુપ્ત રોગ તમસ્યા, લેસ્બિયન, ગે, હોમા સિક્સનશીપ, પ્રેમી-પ્રેમિકા સેટલમેન્ટ, લવપ્રોબ્લેમ, વશીકરણ, ધાર્યું કામ, સ્ત્રી-પુરૂષ વશ, કુબ્જા મોહિની વશીકરણ, વિદેશ, વિઝા, વ્યસન, બિમારી ભૂતપ્રેત, ડર, ભય-રોગ, ગુપ્ત રોગ, મૂઠ શત્રુનાશ, સૌતનત્રાસ, ઘરેલું સમસ્યા, મેલીવિદ્યા, મૂઠયોટ, વશીકરણ, શત્રુવિજય તત્કાલીનનિવારણ તથા હસ્તમૈથુન, શીઘ્રપતન,સ્વપ્નદોષ, અંગત સૈકસ સંબંધ , ખોડા વહેમ, આડા તાંબંધ, સ્વપ્ન કે ઈન્દ્રીયો માં વધારો, વિદેશ જવા ઈચ્છો છતાં વિઝા નથી મળતો વગેરે સમસ્યા માટે ખાસ મળો.

- શું તમે એજ્યુકેશનમાં નબળા છો ?
- તમને વ્યસન ની ટેવ છે ?
- તમે અવરી લત પર ચઢી ગયા છો ?
- તમે જીવનની સમસ્યામાં ઘેરાઈ ગયા છો ?
- તમને શત્રુનો ત્રાસ છે ?
- ઘરમાં અશાંતિ છે ?
- બિમારીથી ઘેરાઈ ગયા છો ?
- કર્જ થઈ ગયો છે, વ્યાપાર-ધંધો ચાલતો નથી ?
- પતિ-પત્ની સંતાનથી પીડાઈ રહ્યા છો ?

હજારો ભવિષ્યવાણી સિદ્ધ લાખો કામ સફળ

હસ્તરેખા, જન્માક્ષર, વાસ્તુ,પિરામીડ, રમલશાસ્ત્ર,ફેંગશુઈ,ટેરો,સ્ટોન, ફેસ રીડીંગ સ્પેશ્યાલિસ્ટ

મોબાઇલ, ઇલેકટ્રોનીક, બ્યુટીપાર્લર, કોસ્મેટીક, હોઝયરી,ક્લોથ સ્ટોર, રિયલ એસ્ટેટ, ટ્યુશન ક્લાસ,કેટરીંગ, કરીયાણુ, દવાખાનું, મેડીકલ, અથવા ઓફિસવર્ક,ફેકટરી માં કોઇ પણ સમસ્યા માટે ખાસ અલોકીક વસ્તુ મળશે.

ઘરે બેઠા કામ થશે

નોંધ : નેતા, અભિનેતા, અભિનેત્રીઓ, ટીવી સ્ટાર, ઉદ્યોગપતિ, પ્રતિષ્ઠિત વ્યકિત, ઉચ્ચ ધનાઢય, મધ્યમવર્ગ,લાખો લોકોએ લાભ લીધેલ, જેના લખાણ કે વખાણની જરૂર નથી. મળીને ખાત્રી કરો.

Note : If Husband, Son or Boy Friends not Listening to your advice Cont Immediately

વડોદરા, ગુજરાત. M. 9574776699

VIMOX™ INNOVATION



Customer Care
72260 72333 | 72260 72444 | 72260 72555
Web.: www.vimoxindia.com E-mail: vimoxindia@gmail.com

સેલ...સેલ...સેલ...સેલ...સેલ...

અમદાવાદના પ્રખ્યાત ઢાલગરવાડવાળા

નુ ફેન્સી સીંગલ/ડબલ બેડ ચાદરોનું ભવ્ય સેલ ટુંક સમય માટે જ **ફકત ટુંક સમય માટે જ**

સીંગલ બેડ 4 ચાદર ₹550 મર્યાદિત સ્ટોક

ડબલ બેડ 3 ચાદર જયપુરી ચાદર કવર સાથે ₹999 મર્યાદિત સ્ટોક

ટુવાલ-નેપકીન, સીંગલ-ડબલ બેડ ચાદર, કાર્પેટ, દોહર, દોહર સેટ, પિલો કવર, કુશન કવર, રજાઈ કવર, ભાગલપુરી સાલ, સોલાપુરી ચોરસા, દીવાન સેટ, બેડ રનર, પગ લુછણીયા, આસન, કમ્ફર્ટર

રેમન્ડ, રીલાયન્સ, મફતલાલ, ટ્રાઈડેન્ટ, વેલસ્પન જેવી બ્રાન્ડેડ કંપનીઓના ડબલબેડ પર **હેવી 50% ડીસ્કાઉન્ટ**

કુમકુમ હોલ (A.C.હોલ) પહેલા માળે, ઉદય કુડલેન્ડ, અમુલ પાર્લર પાસે, મધુરમ પાર્ટી પ્લોટ સામે, ઝાડેશ્વર, ભરૂચ.મોઃ 9638672495

સમય : સવારે ૧૦ થી રાત્રે ૯, શુક્રવારે બપોરે ૧ થી ૨ બંધ (રવિવારે ચાલુ)

Claver Computer

Think Different

Mo.90992 33071

Scholarship Courses		Govt. Certified Course	
